# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૫/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# કોવિડની સેકન્ડ વેવમાં ઓકિસજન ક્રાઇસિસનો સમય ખૂબ જ અઘરો હતો : કલેકટર ડો. ધવલ પટેલ

## સુરત કલેકટર પદેથી ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર તરીકે બદલી પામેલા ડો. ધવલ પટેલનો ચેમ્બર દ્વારા વિદાય સમારંભ યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૩ જુલાઇ ૨૦૨૧ના રોજ સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે સુરતથી બદલી પામેલા જિલ્લા કલેકટર ડો. ધવલ પટેલનો વિદાય સમારંભ તેમજ સુરતના નવનિયુકત કલેકટર આયુષ ઓકનો આવકાર સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે કિરણ જેમ્સના ચેરમેન વલ્લભ પટેલ ઉપસ્થિત રહયા હતા. ડો. ધવલ પટેલની સુરતના કલેકટર પદેથી ગાંધીનગર ખાતે મ્યુનિસિપલ કમિશનર તરીકે બદલી થઇ છે ત્યારે ચેમ્બર દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, કોવિડની ફર્સ્ટ વેવમાં એકસપોર્ટ બંધ હતું ત્યારે કલેકટરે તેમની સમજ શકિતથી ડાયમંડના એકસપોર્ટ માટે મંજૂરી આપી હતી અને ડાયમંડ ઈન્ડસ્ટ્રી ખૂબ જ મોટા પ્રમાણમાં ડાયમંડનું એકસપોર્ટ કરી શકી હતી. તે સમયે મુંબઇમાં ટ્રેડીગ બિઝનેસ બંધ હતું ત્યારે ઉદ્યોગ – ધંધાને થતી વિપરીત અસર ટાળવા માટે તેમણે મુંબઇથી આવવા જવા માટેની મંજૂરી આપી દીધી હતી. કોરોના કાળ કે લોકડાઉન દરમ્યાન કોઇપણ સમસ્યા ઉભી થઇ હોય તેના નિવારણ માટે તેમના તરફથી ચેમ્બર તથા સમગ્ર ઇન્ડસ્ટ્રીને તુરંત જ પ્રતિભાવ મળ્યો હતો.

ડો. ધવલ પટેલે જણાવ્યું હતું કે, કોવિડની સેકન્ડ વેવમાં ઓકિસજન ક્રાઇસિસનો સમય ખૂબ જ અઘરો હતો. સુરતમાં ઓકિસજનની કામગીરી સાથે જોડાયેલા ટ્રેડર્સ અને ડિસ્ટ્રીબ્યુટરે રાત–દિવસ જોયા વગર અદ્‌ભુત કામગીરી કરી હતી. ૯૦ ટકા ઓકિસજન ઇન્ડસ્ટ્રીયલ એકટીવિટી માટે અને ૧૦ ટકા મેડીકલ માટે વપરાતો હતો, પરંતુ બધાએ ઇન્ડસ્ટ્રીયલ એકટીવિટી માટે ઉપયોગમાં લેવાતા ઓકિસજનને મેડીકલમાં શીફટ કર્યો હતો. આટલું કર્યા બાદ પણ ઓકિસજનની પૂર્તતાને પહોંચી વળવા માટે મુશ્કેલી થતી હતી. એના માટે તેમણે ઓકિસજનની સાથે જોડાયેલી ઇન્ડસ્ટ્રીનો આભાર માન્યો હતો. બાંધકામ ઉદ્યોગનો ઉલ્લેખ કરતા તેમણે કહયું કે લોકડાઉન દરમ્યાન તમામ ઇન્ડસ્ટ્રીએ તેમના કારીગરો માટે જમવાની તેમજ રહેવાની ખૂબ જ સારી રીતે વ્યવસ્થા કરી હતી.

સમારંભમાં ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતી, તત્કાલિન નિવૃત્ત પ્રમુખ કેતન દેસાઇ, ભૂતપૂર્વ પ્રમુખ બી.એસ. અગ્રવાલ, ક્રેડાઇના ભૂતપૂર્વ ચેરમેન સુરેશ પટેલ અને સુરત ડાયમંડ એસોસીએશનના સેક્રેટરી દામજીભાઇ માવાણીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ચેમ્બરના માનદ્‌ મંત્રી નિખિલ મદ્રાસીએ સમારંભનું સમગ્ર સંચાલન સુપેરે પાર પાડયું હતું.